ક્રમાંક: મહક/૧૦૨૦૨૫/૨૪૬/અ

ગુજરાત સરકાર,
વન અને પર્યાવરણ વિભાગ,
બ્લૉક-૧૪/૮મો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૦૬/૨૦૨૫

**વંચાણે લીધા:**

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૫/૦૬/૨૦૨૫નો પત્ર ક્રમાંક: મદસ/૧૦૨૦૨૫/૬૯/ખ.૧

(૨) સામાન્ય વહીવટ વિભાગની તા.૦૫/૦૬/૨૦૨૫ તથા તા.૧૧/૦૬/૨૦૨૫ની યાદી ક્રમાંક: મદસ/૧૦૨૦૨૫/૬૯/ખ.૧

(૩) નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ-૨)/ઝ(૧)

(૪) નાણા વિભાગનો તા.૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૩/ઝ(૧)

(૫) નાણા વિભાગનો તા.૧૮/૧૦/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૪/ઝ(૧)

**કાર્યાલય આદેશ:**

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ સંદર્ભ-(૧)ના તા.૦૫/૦૬/૨૦૨૫ના પત્રથી જાહેરાત ક્રમાંક: ૪૨/૨૦૨૩-૨૪ અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે પસંદગી પામેલ સીધી ભરતીના કરારીય નાયબ સેકશન અધિકારીને આ વિભાગમાં ફાળવણી કરવામાં આવતાં, ઉક્ત ક્રમાંક-(૨)ની યાદીથી નિયત કરેલ બોલીઓ અને શરતોને આધીન નીચેના કોષ્ટકમાં દર્શાવેલ કરારીય નાયબ સેકશન અધિકારીને તેમના નામ સામે કૉલમ-૪માં દર્શાવેલ તારીખથી આ વિભાગમાં કચેરી સમયથી ફરજ પર હાજર કરવામાં આવે છે. ઉક્ત નાયબ સેકશન અધિકારીઓને વન અને પર્યાવરણ વિભાગમાં નીચેના કોષ્ટકમાં દર્શાવેલ હાજર થયા તારીખથી કરારીય નાયબ સેકશન અધિકારી તરીકે નિમણૂક આપવામાં આવે છે.

| ક્રમ | મેરીટ ક્રમાંક | નામ | હાજર થયા તારીખ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૨ | ૬૩ | શ્રી હર્ષ મનોજકુમાર પટેલ | ૧૧/૦૬/૨૦૨૫ |
| ૩ | ૬૮ | સુશ્રી નિધિ પ્રહલાદભાઈ પ્રજાપતિ | ૦૫/૦૬/૨૦૨૫ |

**બોલીઓ અને શરતો:**

(૧) તેઓને નાયબ સેકશન અધિકારી (વર્ગ-૩)ની જગ્યા પર રૂ.૪૯,૬૦૦/-ના માસિક ફીક્સ પગારથી તેઓ હાજર થયા તે તારીખથી પાંચ વર્ષના સમયગાળા માટે કરાર આધારે નિમણૂક આપવામાં આવે છે. તેઓ સમાન કક્ષાની કે ઉપલી કક્ષાની ફિક્સ પગારની અન્ય જગ્યાએ જોડાય તો તેઓને મહેનતાણાને રક્ષણ આપવામાં આવશે. આ નિમણૂક નામદાર સુપ્રિમ કોર્ટમાં નોંધવામાં આવેલ એસ.એલ.પી. નં.૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ના આખરી ચુકાદાને આધિન રહેશે.

(૨) તેઓને સરકારી કર્મચારી તરીકે મળતા લાભો મળવાપાત્ર રહેશે નહીં કે તેઓ આવા લાભોની માંગણી કરી શકશે નહીં.

(૩) તેઓને કરારીય સમયગાળા દરમ્યાન સરકારી કામકાજ અર્થે મુસાફરી કરવાના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે તેમને નાણા વિભાગના તા.૨૦-૧૦-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક ખરચ-૨૦૦૨-૫૭/(પાર્ટ-૨)/ઝ-૧ની જોગવાઈ મુજબ મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું મળવાપાત્ર રહેશે.

(૪) (અ) તેઓને કરારીય સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચૂરણ રજાઓ મળવાપાત્ર થશે.

(બ) તેઓને કરારીય સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે આકસ્મિક સંજોગો માટે ૧૫ ખાસ રજાઓ મળવાપાત્ર થશે તેમજ પછીના વર્ષમાં આગળ ખેંચી શકાશે પરંતુ આવી રજાઓ ૩૦થી વધુ જમા થઇ શકશે નહિં. આ રજાઓ કોઇપણ હેતુ માટે વાપરી શકાશે. આ રજાઓ સક્ષમ અધિકારી ધ્વારા પ્રાપ્ત રજાના નિયમ મુજબ મંજુર કરી શકાશે. આ રજાઓ કેલેન્ડર વર્ષ શરૂ થતાં જાન્યુઆરી માસમાં જમા થશે.

(ક) તેઓને કરારીય સમયગાળા દરમ્યાન પોતાની ગંભીર બિમારી કે અકસ્માતના કારણે થયેલી ગંભીર ઇજાના સંજોગોમાં તેઓને ખાસ રજા મંજુર કરવા સંબંધિત વિભાગ નાણા વિભાગની મંજૂરી મેળવી રજા મંજુર કરી શકશે અને આ રજાના સમયગાળા દરમ્યાનના નિયમાનુસાર પગારભથ્થાં મળવાપાત્ર થશે.

(ડ) મહિલા કર્મચારીઓને કરારીય સમયગાળા દરમ્યાન ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૨ના નિયમોની જોગવાઇઓ મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

(૫) તેઓને કરારીય સમયગાળા દરમ્યાન ઉપરોક્ત-(૪) સિવાયની અન્ય કોઇ રજાઓ મળવાપાત્ર થશે નહિં. તે સિવાય ફરજ પરથી ગેરહાજર રહેશે તો તેવી ગેરહાજરીના દિવસના વેતનની કપાત ફિક્સ પગારમાંથી કરી લેવામાં આવશે તેમજ તેટલો કરારીય સમયગાળો લંબાવવામાં આવશે.

(૬) તેઓનો આ કરારીય સેવાનો સમયગાળો, નોકરી વિષયક, સેવા વિષયક કે સરકારની રહેમરાહે નિમણૂકની નીતિ અન્વયે મળવાપાત્ર લાભો માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

(૭) તેઓએ શાખા/કચેરીના તુરતના ઉપરી અધિકારી તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા સોંપવામાં આવે તેવી ફરજો અને જવાબદારીઓ નિભાવવાની રહેશે.

(૮) તેઓએ સામાન્ય રીતે કચેરી સમય દરમ્યાન ફરજો બજાવવાની રહેશે. પરંતુ, તેમ છતાં સંબંધિત ઉપરી અધિકારી દ્વારા સૂચના આપવામાં આવે ત્યારે તેમણે કચેરી સમય સિવાયના સમયે પણ ફરજો બજાવવાની રહેશે.

(૯) તેઓને સમાન અથવા ઉપલી જગ્યાનો હવાલો સોંપવામાં આવેતો આ ફિક્સ પગારના કર્મચારીને અનુક્રમે મળવાપાત્ર મહેનતાણાના પાંચ/દશ ટકા વધારાનું મહેનતાણું મળવાપાત્ર થશે.

(૧૦) તેઓના કરારના નિમણૂકના સમયગાળા દરમ્યાન ગુજરાત રાજ્યસેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧થી વર્તણૂક અંગેના જે નિયમો નિયત કરવામાં આવેલ છે તે મુજબ વર્તણૂક કરે તે અપેક્ષિત છે.

(૧૧) તેઓએ આ સાથે બીડેલ **પત્રક-૨** પ્રમાણેની બાંહેંધરી આપવાની રહેશે.

(૧૨) તેઓને નીચેની બાબતો લક્ષમાં લઇ કરારીય સમયગાળા બાદ સંબંધિત જગ્યાના નિયમિત પગાર ધોરણમાં નિમણૂક આપવા બાબતે વિચારણા કરવામાં આવશે.

(અ) ફીક્સ પગારથી નિમણૂક મેળવનાર ઉમેદવારના કરારના સમગ્ર સમયગાળાના મૂલ્યાંકન અહેવાલના આધારે નિયમિત પગાર ધોરણમાં નિમણૂક આપવા બાબતે વિચારણા કરવામાં આવશે.

(બ) તેઓને કરારના સમયગાળા દરમ્યાન નાયબ સેકશન અધિકારી, વર્ગ-૩ની જગ્યાની નિયત પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષા નિયત તકોમાં પાસ નહીં કરે તો તેમને સંબંધિત જગ્યા ઉપર નિયમિત પગાર ધોરણમાં નિમણૂક આપવામાં આવશે નહીં અને તેમની સેવાનો અંત લાવવા અંગેની વિચારણા કરવામાં આવશે.

(ક) તેઓએ કરારના સમયગાળા દરમિયાન અથવા કરારના પાંચ વર્ષનો ગાળો પૂર્ણ થતાં તેઓને આપેલી શરતી નિયમિત પગાર ધોરણની નિમણૂક તારીખથી બે વર્ષની અંદર કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની રહેશે અને તો જ તેઓ નિયમિત નિમણૂકની તારીખથી પ્રવરતા મેળવી શકશે. જો તેઓ આ સમયગાળામાં કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ ન કરી શકે તો તેમને તાત્કાલિક અસરથી છુટા કરવામાં આવશે. જ્યારે કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરે ત્યારે પ્રવરતા હક્કના રક્ષણ વિના સેવામાં પરત લેવામાં આવશે. એટલે કે તેઓ જે તારીખે કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પાસ કરે તે તારીખથી નવેસરથી નિયમિત નિમણૂક ગણી તે તારીખથી પ્રવરતા મળવાપાત્ર થશે.

(૧૩) તેઓને ઉપરોક્ત ક્રમાંક (૧૨)ની જોગવાઈ મુજબ કરારીય સમયગાળા બાદ નાયબ સેકશન અધિકારી, વર્ગ-૩ સંવર્ગના નિયમિત પગાર ધોરણમાં નિમણૂક આપવામાં આવશે ત્યારે

(અ) ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ના નિયમ-૮ની જોગવાઈ મુજબ, શીડ્યુલ-બીમાં દર્શાવ્યા મુજબ પે-બેન્ડમાં નિયત થયેલ પગાર + ગ્રેડ પે તથા અન્ય નિયમોનુસારના ભથ્થાઓ મળવાપાત્ર થશે.

(બ) કરારના સમયબાદ જે તારીખે નિયમિત નિમણૂક આપવામાં આવે તે તારીખથી તેમની સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા તમામ લાભો મળવાપાત્ર થશે તથા સરકારના સરકારી કર્મચારી અંગેના પ્રવર્તમાન તમામ નિયમો તેમને લાગું પડશે.

(૧૪) (અ) જગ્યાના અભાવે કે સક્ષમ સતાધિકારી દ્વારા કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસરી કરવામાં આવેલી તપાસના અંતે પ્રસ્થાપિત થતી ગેરવર્તૂણકના કારણોસર અથવા નાયબ સેકશન અધિકારી વર્ગ-૩ની જગ્યાની ફરજો બજાવવા માટેની તેમની યોગ્યતા/ક્ષમતાના અભાવે (કે જે વાર્ષિક મૂલ્યાંકન અહેવાલોના આધારે સ્થાપિત થતી હોય) તેમને એક માસની નોટીસ આપી અથવા એક માસનું ફીક્સ પગારનું ચૂકવણું કરી નોટીસ આપ્યા સિવાય તેમની સેવાનો અંત લાવી શકાશે. વાજબી કારણો સિવાય સેવાનો અંત લાવવામાં આવે તો તેમની સામે સંબંધિત વિભાગના સચિવશ્રીને જે તે કર્મચારી રજુઆત કરી શકશે. આ બાબત તા.૧-૧૦-૨૦૧૫ પહેલા નિમણૂક પામેલ દરેક ફીક્સ પગારના કર્મચારીઓને પણ લાગુ પડશે.

(બ) કરાર આધારે ફીક્સ પગારના કર્મચારી દ્વારા સ્વેચ્છાએ છૂટા થવાના કેસમાં કરારીય સમયગાળા દરમ્યાન એક માસની નોટીસ અથવા રાજીનામું મંજૂર થયા બાદ છૂટા થઈ શકશે. પરંતુ પૂર્વ સેવા તાલીમ અન્વયે જો કોઈ બોન્ડ આપવામાં આવેલ હશે તો તેવા બોન્ડની રકમ પણ તેમણે ચૂકવવાની રહેશે.

(૧૫) તેઓની આ પ્રમાણે કરાર આધારે ફીક્સ પગારથી નિમણૂક થયા બાદ આ નિયમોમાં કોઈ પણ પ્રકારના સુધારા વધારા થાય તો તેઓને તેવા સુધારા લાગુ પડશે.

(૧૬) તેઓએ ફિક્સ પગારની કરારીય નિમણૂકો અંગેની નાણા વિભાગની વખતોવખતની આનુષાંગિક જોગવાઈઓ તથા સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૧૭) તેમની નિમણૂક શારીરિક યોગ્યતા પ્રમાણપત્ર મેળવવા અંગેના સરકારના પ્રવર્તમાન નિયમો અને સૂચનાઓ મુજબની તબીબી તપાસના અંતે અપાનાર શારીરિક યોગ્યતાના પ્રમાણપત્રને આધિન રહેશે.

(૧૮) તેઓની નિમણૂક પૂર્વ ઈતિહાસ અને ચારિત્ર્ય અંગેના સંબંધિત પોલીસ અધિકારીના અહેવાલને આધિન તેમજ આ નિમણૂક ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ના નિયમ-૯(એ)ની જોગવાઈને આધીન રહેશે.

(૧૯) તેઓની નિમણૂક ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮(૧)(એ) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટરના જ્ઞાન મેળવવાના પ્રમાણપત્રને આધિન રહેશે.

(૨૦) પ્રસ્તુત નિમણૂક નામ. હાઇકોર્ટમાં પડતર SCA No.5433, 5439, 5443, 5445, 5446, 5452, 5454, 5468, 5470, 5474, 5510, 5511, 5520, 5523, 5525 of 2024 ના આખરી ચુકાદાને આધિન રહેશે. વધુમાં, આ નિમણૂક ભવિષ્યમાં આયોગ દ્વારા ભલામણ કરવામાં આવેલ ઉમેદવારોએ મેળવેલ ગુણના Rechecking બાબતે કે અન્ય બાબતે જો ઉપર દર્શાવ્યા સિવાય પણ કોઈ કોર્ટમેટર થાય તો તેને આધીન રહેશે.

(પિનલ સોજીત્રા)

ઉપ સચિવ

વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

(૧) શ્રી હર્ષ મનોજકુમાર પટેલ,

(૨) સુશ્રી નિધિ પ્રહલાદભાઈ પ્રજાપતિ,

કરારીય નાયબ સેકશન અધિકારી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના:

- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર. (રોકડ શાખા મારફત)
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- રોકડ શાખા (૨ નકલ), વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર – સેવાપોથી સહિતની આનુષાંગિક કાર્યવાહી અર્થે.
- ઉપ સચિવશ્રી, HRMS સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ખ(૧) શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ટ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ (શાખા & ના.સે.અ.)